વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ કામરેજ તાલુકાનાં મોજે ગામ : સેવણીનાં ખેડ ખાતા નંબર : ૧૫૪૭, જુનો બ્લોક નં. ૧૬, રી-સર્વે બાદ નવો બ્લોક નં. ૬૧૩ થી નોંધાયેલી બહુહેતુક ઉપયોગ માટે બીનખેતી થયેલ જમીન, કે જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦-૨૮-૭૮ ચો.મી. યાને ૨૮૭૮ ચો.મી. તથા તેનો આકાર રૂા.૧૭૨૭.૦૦ પૈસા છે તે બીનખેતીની જમીન ૧) રૂચિદેવી રાજીવ બરનવાલ, ૨) રજની રંજન બરનવાલ, ૩) અંજલી રોશન બરનવાલ ની સંયુકત પોતાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની નામેની હોવાનુ જણાવી મારા અસીલ ને વેચાણ થી આપવાનુ નકકી કરેલ છે જેના કાયદેસરના લખાણ મારા અસીલ ટુંક સમયમાં કરાવી લેનાર છે સદરહુ જમીન અંગે જો કોઇનો કશા પ્રકારનો દર દાવો, હક્ક હિત હિસ્સો કે બોજો, ચાર્જ કે લિયન હોય તો તેની આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં મને પુરાવા સહિત જાણ કરવી, મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો હક્ક હિત હિસ્સો ચાર્જ, લિયન કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, એમ ગણી મારા અસીલ સદરહુ જમીન મિલકતના કાયદેસરના લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો.

તા. ૦૫/૦૩/૨૦૨૬
ઓફીસ : ૪૦૨૦, સેન્ટ્રલ બજાર,
વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર,
વરાછા રોડ, સુરત. (મો.નં. ૯૫૧૦૦ ૮૭૧૩૯)

સંદીપ જે. સોજીત્રા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, જીલ્લો : સુરત, તાલુકા : ઉધના મોજે ઉધના વિસ્તારમાં આવેલ ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. ની વસાહત કે જે ઉધના ઉદ્યોગનગર ના નામે ઓળખાય છે તેમાં રોડ નં.૮ ઉપર આવેલ બ્લોક નં.એ/૧૫ ના પ્લોટ નં.૪ વાળી સુમારે ૬૦૦.૦૦ ચો.વાર યાને ૫૦૧.૬૦ ચો.મી. જમીન તથા તે ઉપર આવેલ બાંધકામ ના ૩૦૪૪.૮૮ ચો.મી. બીલ્ટઅપ માપ વિસ્તારના અમલા સહીતની જમીન - અમલા વાળી મીલકત હસમુખભાઈ ભીખાભાઈ પોલરા તથા રીટાબેન હસમુખભાઈ પોલરા નાઓની પોતાની માલિકી અને કબજા ભોગવટા, વહીવટ, હેઠળની તથા તેના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ કે અધિકાર હોય કે સદરહુ મિલકત ઉપર કોઈપણ સંસ્થા કે વ્યકિતની કોઈ લોન કે બોજો ચાલતો હોય કે નામદાર કોર્ટમાં કોઈ દાવો કે ફરીયાદ ચાલતી હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહીત અમોનો સંપર્ક કરવો. અન્યથા મુદત વીત્યે સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, સંબંધ કે અધિકાર નથી અને હોઈ તો તે જતો યાને વેવ કર્યો છે તેમ માની હમારા અસીલ મજકુર માલિક પાસેથી સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે દાવો ચાલશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી. સ્થળ : સુરત, તા. ૦૬/૦૩/૨૦૨૬

નિરવ જે. મગજવાલા - ખરીદનારના એડવોકેટ
એડ્રેસ :- ઓફીસ નં.૫-૬, બીજો માળ, હિરલ આર્કેડ, નવી કોર્ટ બિલ્ડીંગની સામે, અઠવાલાઈન્સ, સુરત.

જાહેર ચેતવણીનો જાહેર જવાબ ખુલાસો તથા નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વિગત અને વર્ણનવાળી મિલકત તેના માલીક મોહંમદ સાદીક અબ્દુલ હમીદ જમાદાર નાઓએ પોતાની કુલ, સ્વતંત્ર, સંપૂર્ણ માલીકી અને કબજા વહીવટમાં ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને હમારા અસીલ ભવિષ્યમાં સદરહુ મિલકત અંગેનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તેના મજકુર માલીક કનેથી કરાવી લેનાર છે. મજકુર મિલકત તેના માલીકો હરકોઈ વ્યકિત, બેંક કે નાણાંકીય સંસ્થાને જામીનગીરીમાં આપેલ નથી કે સદરહુ મિલકત ઉપર કોઈચાર્જ કે બોજો કે લીયન નથી કે સદરહુ મિલકત હરકોઈને હરકોઈ પ્રકારના કરારથી કે માલીકીપણાં માંથી તબદીલ કરેલ નથી તેવું જણાવેલ છે. અને સદરહુ મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનો ભરોસો અને વિશ્વાસ આપેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઈનો પણ કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો હોય તો તેની લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં હમોને જાણ કરવી. તેમાં કસુર થયેથી મુદ્દત વિત્યાથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો કે હકક હિસ્સો નથી અને જો હોય તો તે જતો કરેલ છે તેમ માની હમારા અસીલો મજકુર માલીક કનેથી સદરહુ મિલકતનો પાકો પમકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અવરોધ કે અટકાયત ચાલશે નહિ જેની લાગતા વળગતા સર્વેએ ખાસ નોંધ લેવી.

મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ તાલુકા ચોર્યાસીના મોજે શહેર સુરતના સલાબતપુરા, ઈચ્છાદોશીની વાડી વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૩ નોંધ નં.૨૯૩૯/અ/૧/ઈ/૨૭/અ થી નોંધવામાં આવેલ આશરે ૯૬.૧૪.૪૩ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન ઉપર આવેલ **''સ્ટાર રેસીડેન્સી''** ના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલ ફલેટ નં.૧૦૧ કે જેનું સુપર બિલ્ટઅપ એરીયા ૫૯૦ સ.ચો.ફુટ તથા બિલ્ટઅપ એરીયા ૩૨૫ સ.ચો.ફુટ યાને ૩૦.૧૯ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી ફલેટવાળી મિલકત તથા સદર જમીનમાં વણવહેંચાયેલ પ્રમાણસરના હિસ્સા સહિતની ફલેટવાળી મિલકતને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત દરોબસ્ત.

(તા.૦૬/૦૩/૨૦૨૬)
સરનામું : ૫- અલ-મોહમદી એપાર્ટમેન્ટ, ઈન્દરપુરા બદ્રી રોડ, ઈદવાલા મસ્જિદ પાસે, સુરત. મો. ૯૮૬૮૨૬૯૭૧૬

અમારી મારફત,
જાવેદ એ. પરમાર
એડવોકેટ

સીટીસર્વે વોર્ડ નંબર : ૯, સીટીસર્વે નોંધ નંબર : ૪૮૫ વાળી મિલકત અંગે ટાઈટલ કલીયરન્સ બાબત વેચાણ અંગેની જાહેર નોટીસ

શહેર સુરતનાં વાડી ફળીયા, કોટ શેરી વિસ્તારમાં આવેલ **સીટી સર્વે વોર્ડ નંબર : ૯, સીટી સર્વે નોંધ નંબર : ૪૮૫ થી નોંધાયેલી મિલકત જેનું ક્ષેત્રફળ : ૭૫.૨૫.૧૭ સમ ચોરસ મીટર** છે. તેની ઉપર આવેલ **૪૩૧.૬૩ સમ ચોરસ મીટર (બિલ્ટઅપ એરીયા ૫૧૭.૯૫૬ સમ ચો.મી.)ના ગ્રાઉન્ડ ફલોર+ પાંચ માળના** બાંધકામવાળી જમીન અમલા ઈમારત સહીતની મિલકતના માલિક **શ્રી બીપીનચંદ્ર સાકરલાલ જરીવાલા** નાએ પોતાની સ્વતંત્ર માલિકીપણા અને કબજા ભોગવટા હેઠળની હોવાનું જણાવી તથા નીચે શિડયુલમાં જણાવેલ દસ્તાવેજો ગુમ થયેલા હોવાનું જણાવી તથા સદરહું મિલકતનાં ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલ પાસેથી વેચાણ પેટેનો અવેજ સ્વીકારી વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને હમારા અસીલ તેનો ટૂંક સમયમાં કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી સદરહું મિલકત અંગે જે કોઈ શખ્સ કે ઈસમ કોઈના કોઈપણ જાતના હક્ક, હીત, હીસ્સો હોય અગર બેંક કે બેંકિંગ જેવી સંસ્થાની કોઈપણ જાતની લોન, કરજ, બોજો હોય તો તેઓએ **દિન-૭** માં લેખિત પુરાવા સહીત અમોને જાણ કરવી. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ જાતના હક્ક, હીત, હીસ્સો, દર-દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી સદરહું મિલકતના ટાઈટલ ક્લીયર ગણી અમારા અસીલ સદરહુ મિલકત અંગેનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઈના કોઈપણ પ્રકારના વાંધા-વિરોધ ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

:: ગુમ થયેલા દસ્તાવેજોની વિગત ::

અ.નં.	દસ્તાવેજ રજી.નં.	તારીખ	ગુમ થયેલા દસ્તાવેજની વિગત
(૧)	૨૫૫૬	૦૮/૧૧/૧૯૪૪	વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચ
(૨)	૨૨૨૧	૩૦/૦૯/૧૯૪૬	રીલીઝ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચ
(૩)	૯૬૬	૦૪/૦૫/૧૯૫૭	રીલીઝ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચ
(૪)	૯૬૭	૦૪/૦૫/૧૯૫૭	રીલીઝ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચ
(૫)	૩૬૯૭	૩૦/૦૪/૧૯૮૪	વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચ

અશોકકુમાર સી.રાણા એડવોકેટ એન્ડ નોટરી મો.૯૮૨૫૧૭૮૩૩૭
કમલેશકુમાર સી.કહાર એડવોકેટ મો.૯૮૯૫૫૩૩૧૮૩ તે ખરીદનારના એડવોકેટસ્
હરીશ એ.રાઠોડ એડવોકેટ એન્ડ નોટરી મો.૯૭૧૨૬૩૦૬૩૮

ઠેકાણું : ઓફીસ નં.૨૦૪, "દ્વારકેશ" ગીતા એપાર્ટમેન્ટની પાસે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.

નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજે ગામ દાંતીની બીનખેતીની જમીન અંગે વેચાણ ટાઈટલ ક્લીયર જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજે ગામ દાંતીની બિનખેતીની જમીન મિલકતમાં આવેલ અલગ અલગ સાઈઝના પ્લોટો

ક્રમ	જુનો બ્લોક નં.	નવો બ્લોક નં.	પ્લોટ નંબર	હાલના માલિકોના નામ
૧	૭૬ પૈકી ૧	૪૪૧	૨૦,૨૩,૨૪	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૨	૭૭ પૈકી ૨	૪૬૧	૧ થી ૪	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૩	૭૭ પૈકી ૯	૪૫૬	૧૧,૧૨	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૪	૭૭	૮૮	૨૦,૨૫,૨૬	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૫	૭૯ પૈકી ૨	૮૧	૫,૭,૮, ૧૫ થી ૨૨	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૬	૮૨	૯૩	૫,૬	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૭	૮૨ પૈકી ૩	૪૬૩	૩ થી ૮, ૧૨ થી ૧૪	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૮	૮૨ પૈકી ૬	૪૬૪	૫,૬,૨૧,૨૨	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૯	૮૩ પૈકી ૨	૯૮	૧૭,૧૮, ૨૬,૨૭	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૧૦	૭૯ પૈકી ૩	૮૦	૨૭ થી ૪૬	કિશોરભાઈ ગોવિંદજીભાઈ પટેલ
૧૧	૮૨	૯૩	૩,૪,૧૯,૨૦	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ
૧૨	૮૨ પૈકી ૫	૪૬૬	૩,૪,૧૯,૨૦	કિશોરભાઈ ગોવિંદજીભાઈ પટેલ
૧૩	૮૩	૧૦૦	કુલ્લે ક્ષેત્રફળનો ૫૦% વણ વહેંચાયેલ હિસ્સો	(૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ

ઉપરોક્ત વિગત વાળા કુલ્લે (૭૪) ચુંમોતેર પ્લોટો ના હાલના માલિક (૧) અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ, (૨) પ્રભાવતી ડાહ્યાભાઈ તે કિશોરભાઈ પટેલની પત્ની, (૩) અમ્રતભાઈ ડાહ્યાભાઈ પટેલ (૪) કિશોરભાઈ ગોવિંદજીભાઈપટેલ નાઓ માલિક, મુખત્યાર, કબજેદાર સહ માલિકી હકકે ધારણ કર્તા હોવાનું તથા સદર મિલકત ચોખે ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળા હોવાનું અને વિશ્વાસ અને ભરોસો આપીને જણાવી હમારા અસીલને કિંમતી વેચાણ અવેજથી વેચાણ કરવા માંગે છે. જે અંગેના પાકા દસ્તાવેજો હમારા અસીલ કરી-કરાવી લેનાર છે. જેથી કોઈપણ રાષ્ટ્રીયકૃત કે સહકારી બેંક તેમજ કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક, હિસ્સો, હિત કે સબંધ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી નીચે જણાવેલ સરનામાંએ દિન-૭ (સાત) માં તેવા હકક-હિત, હિસ્સાના સમર્થનમાં લેખીત પુરાવા સાથે રૂબરૂ મળી ખાત્રી કરાવી આપવી અને લેખીત વાંધો રજુ કરવો. મુદતમાં કોઈપણનો વાંધો/વિરોધ આવશે/મળશે નહી તો મુદત બાદ હમારા અસીલ ઉપરોકત વિગતની બીનખેતીની જમીન/મિલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો કોઈ લાગ-ભાગ, હકક-હિસ્સો, દર-દાવો નથી અને જો હોય તો હમારા અસીલની તરફેણમાં છોડી દીધેલ છે તેમ માનીને હમારા અસીલ સદર જમીન/મીલકતના વેચાણ અંગેના પાકા લખાણો કરી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની કોઈ તર-તકરાર કે વાંધા ચાલશે નહી જેની સર્વોએ નોંધ લેવી.

તા.૦૬/૦૩/૨૦૨૬
ઓફિસ : ૩,૪, આદર્શ શોપીંગ સેન્ટર, કાપોદ્રા, વરાછા રોડ, સુરત. મો.નં.૯૪૨૬૧ ૦૫૨૪૨

મારા મારફત :-
કે. એન. નસીત
એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ જલાલપોર સબ-ડીસ્ટ્રીકટના મોજે ભીનારના બ્લોક/સર્વે નં.૨૯૧, જુના બ્લોક/સર્વે નં.૬૬૮, ખાતા નં.૬૩૨, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૫-૬૪ ચો.મી., આકાર રૂા.૧૨૮૫.૦૦ પૈસા, જેનો સીટી સર્વે વોર્ડ: ભિનાર (બીનખેતી), સીટી સર્વે નં.NA291, શીટ નં.NA99 વાળી બીનખેતીની જમીનના **ઘનશ્યામ વલ્લભભાઈ ધોરાજીયા**ની સ્વતંત્ર માલિક, મુખત્યાર, કબજેદાર ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા પાસે ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે અન્ય કોઈને વેચાણ આપવાનું નકકી કરેલ નથી તેમજ સદરહુ જમીનમાં અન્ય કોઈ વ્યકિત, સંસ્થા, બેંક, હીસ્સેદાર, દાવેદાર નથી કે તે અંગેના કોઈ લખાણો કે કરારો કરેલ નથી તેવુ જણાવી સદરહુ જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમ છતાં સદરહુ જમીન ઉપર બેંક, સંસ્થા, વ્યકિત યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દરદાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી હમારા અસીલ ઉપરોકત જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓ.: ૫૦૪, આઈકોન બીલ્ડીંગ, પીપલોદ, સુરત. મો.૯૯૭૪૭ ૭૧૦૦૦

જોનસન ઈજારદાર
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગે ટાઈટલ ક્લીયરની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ તાલુકેઃ ચોરાસીનાં મોજે ગામઃ લાજપોરનાં બ્લોક નંબર : ૧૫૬ વાળી કુલ સુમારે ક્ષેત્રફળ હે.આરે ૬-૩૬-૩૭ ચો.મી. જમીન પૈકી વણ-વહેંચાયેલ હિસ્સાની કુલ સુમારે ક્ષેત્રફળ ૧૧૮૩૭ ચો.મી ટાઈટલ ક્લીયર જુની શરતની ખેતીની જમીન, જેનો આકાર રૂા.૮૪-૬૨ પૈસા વાળી ખેતીની જમીન (૧) રણજીતસિંહ ગંભીરસિંહ સોલંકી (૨) બળવતંસિંહ ગંભીરસિંહ સોલંકીની સંયુકત માલીકીની કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની ચાલી આવેલી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન-મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સબંધ, કે દાવો, બોજો, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો-વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજી ખુશીથી જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકોને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલનાં નામે કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો- વિરોધ, દાવા-દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી.

લી.રણજીતસિંહ ગંભીરસિંહ સોલંકી વિગેરે....

મારી મારફતઃ
બ્રિજેશ કે. ખેની - એડવોકેટ
કિર્તીકુમાર બી. પેથાણી - એડવોકેટ

ઓફિસઃ પ્રથમ માળ, વિષ્ણુ કોમ્પલેક્ષ, વરાછા પોલીસ સ્ટેશનની સામે, વરાછા મેઈન રોડ, સુરત. મો.૯૯૭૯૯૦૮૩૮૩

અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ (આર.આર.) ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે અડાજણના રે.સ.નં.૨૫૯ થી ૨૬૧, **ટી.પી.સ્કીમ નં.૧૩ (અડાજણ) ના ફા.પ્લોટ નં.૧૪૮** વાળી જમીન ઉપર આયોજીત **જોગાણી રો-હાઉસીસ કો-ઓ. હા. સોસાયટી લિ. (વિભાગ-૨) (રજી.નં.ઘ/૧૨૯૫, તા.૦૨/૦૬/૧૯૮૮)** ના નામની રજીસ્ટર્ડ સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૩૮ જેનો મ્યુ.નવો નંબર : ૩૨ વાળી મિલકત મારા અસીલ **ઘનશ્યામભાઈ ધર્મેન્દ્ર જોષી** ની માલિકીની પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ. સદર મિલકત તેના અગ્રહકકદારી નરોત્તમભાઈ કાનજીભાઈ ચૌહાણ કનેથી અમોના અસીલે રજી.વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતી, જે વેચાણ દસ્તાવેજની નીચે શિડયુલમાં વર્ણવેલ **અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ (આર.આર.) ક્યાંક ગુમ/ગેરવલ્લે થઇ ગયેલ છે, જે ઘણી શોધખોળ કરવા છતાં આજરોજ સુધી મળી આવેલ નથી.** જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મિલકતમાં જો કોઇપણ વ્યકિત, સંસ્થા કે બેંક, શાહુકારી પેઢી, પ્રાઇવેટ સંસ્થા વિગેરેના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિત, હિસ્સા, અધિકાર, ચાર્જ, બોજા પહોંચતા હોય તો તેવી વ્યકિત, સંસ્થા યા બેંકે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં લેખિત પુરાવાઓ સહીત અમોને રૂબરૂ મળવું.

શિડયુલ

ખોવાઇ ગયેલ અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ (આર.આર.) ની વિગત

ક્રમ	ખરીદનાર	વેચનાર	દસ્તાવેજ રજી.નં.	દસ્તાવેજ રજી.તારીખ
૧.	૧.ધર્મેન્દ્ર અમૃતલાલ જોષી ૨.દુગાદિવી ધર્મેન્દ્ર જોષી ૩.ઘનશ્યામભાઈ ધર્મેન્દ્ર જોષી	નરોત્તમભાઈ કાનજીભાઈ ચૌહાણ	૩૦૬૩ મે.સુરતના સબ-રજીસ્ટ્રાર સુરત સીટી-૧ (અઠવા)	૨૪/૦૪/૨૦૦૩

તા.: ૦૫/૦૩/૨૦૨૬
ઓફીસ : ૩૧૪, સીટીલાઇટ શોપીગ સેન્ટર, સીટીલાઇટ રોડ, સુરત-૩૯૫૦૦૭.
મો. ૯૦૯૯૧ ૨૨૩૩૬

અમારી મારફતે
મહેશ એસ. મહાલે
એડવોકેટ

જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

મોજે ભાણોદરા ગામ, ચોર્યાસી તાલુકો, સુરત જિલ્લાના નવો બ્લોક/ સર્વે નંબર : ૨૦૬ (જુનો રે.સ.નં. ૧૧૩/૧) વાળી ખેતીની જમીન અંગે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ ચોર્યાસી તાલુકાના મોજે ભાણોદરા ગામની નવા બ્લોક/ સર્વે નં. ૨૦૬, જુનો રે.સ.નં. ૧૧૩/૧, જેનું ક્ષેત્રફળ ૧૨,૫૪૫ ચો.મી.વાળી ખેતી વિષયક જમીનનાં માલિક, કબજેદાર એવા (૧) ઉમર ફારૂક અહમદ તથા (૨) મંજુર હુશેન અહમદ (૩) જાવેદ અખતર અહમદ તથા (૪) શબ્બીર અહમદ પટેલ નાઓ પૈકી અમારા અસીલ મંજુર હુશેન અહમદ નાના પટેલની વણવહેંચાયેલા હિસ્સાની જમીન તેમની માલીકીની ચાલી આવેલ.

જમીનોમાં કાવાદાવાઓમાં તથા ખોટું કરવામાં માહિર એવા ઈલ્યાસ અબ્દુલહે કાકા (મો.નં. ૯૭૨૩-૮૪૯૬૭), રહેવાસી : નાનો મહોલ્લો, મોજે ગામ : સામરોદ, તા.-ચોર્યાસી, જિલ્લોઃ સુરતનાએ તેઓનાં મળતીયાઓ તથા દલાલો સાથે મળી અમારા અસીલની સદરહુ જમીન કરવા નકકી કરેલ હતું અને સુરત શહેરમાં ચાલી આવેલ કચેરીમાં એડવાન્સ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવેલ અને સરકારશ્રીના જંત્રીના દરમાં વધારો થનાર હોવાની ખોટી હકીકત જણાવી અમારા અસીલ ખેડુત હોય અને નવી ચાલી આવેલી પ્રથા તેમજ કાયદાકીય માહિતથી માહિતગાર ન હોય તેનો લાભ લઈ તેવા સંજોગોમાં ઈલ્યાસ અબ્દુલહે કાકા તથા તેઓના મળતીયાઓ અને દલાલોની વાતમાં આવી સદરહુ જમીનનો એડવાન્સ દસ્તાવેજ કરી આપવા તૈયાર થયેલાં. તેવા સંજોગોમાં સદરહુ જમીનનો અમારા અસીલની સાથે નકકી કરવમાં આવેલ કુલ વેચાણ અવેજ બાકી રાખી એડવાન્સ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવેલ હતા અને તે સબ-રજીસ્ટ્રાર કચેરી (કુંભારીયા) માં અનુ.નં.૪૪૨ થી તા.૧/૧૦/૨૦૨૧ ના રજ નોંધવામાં આવેલ. તેવા સંજોગોમાં સદરહુ જમીનના રજીસ્ટર્ડ વેચાણ દર્સ્તાવેજ થયા ત્યારથી આજદિન સુધી ઈલ્યાસ અબ્દુલહે કાકા દ્વારા કે તેઓના મળતીયાઓ દ્વારા અમારા અસીલને સદરહુ જમીનના બાકી વેચાણ અવેજ ચુકવી આપેલ નથી અને તેમ કરીને અમારા અસીલની વણવહેંચાયેલાં હિસ્સાની કિંમતી જમીન પચાવી પાડી કોંગીઝેબલ અને અત્યંત ગંભીર અવો ફોર્જર સહિત લેન્ડ ગ્રેબીંગનો ગુનો આચરેલ હોય, જેથી સદરહુ જમીનના ભવિષ્યના ખરીદનાર હરકોઈ ઈસમો આવા ઈલ્યાસ અબ્દુલહે કાકા તથા તેઓના મળતીયાઓની મોડસ ઓપરેન્ડીંગના ભોગ ન બને અને કોઈ નિર્દોષ વ્યકિત આવા ઈસમોની છેતરપિંડીમાં અને ઠગાઈમાં ફસાઈ ન જાય તેવા શુભ હેતુથી આ નોટીસ થકી ચેતવણી આપી તેવા કોઈપણ વહેવારો નહીં કરવા હરકોઈ ત્રાહિત ઈસમોને પણ સ્પષ્ટપણે ચેતવણી આપવામાં આવે છે. આમ, આવા એડવાન્સ દસ્તાવેજના આધારે ઉભા કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજોમાં જણાવ્યા મુજબનાં કોઈપણ અવેજના નાણાં રો